## ખેતી નિયામકશ્રીની કચેરી,કૃષિભવન, ગાંધીનગર.

## પાક શાખા

## પ્રકરણ-૧ પ્રસ્તાવના

- ભારત સરકારશ્રીએ તા.૧૨/૧૦/૨૦૦૫થી અમલમાં આવેલ તે પ્રમાણે માહિતી અધિકાર અધિનીયમ, ૨૦૦૫ની રચના કરેલ છે જે મુજબ ભારતનો કોઇ પણ નાગરિક નિયત ફી ચૂકવી અથવા ગરીબી રેખાથી નીચે જીવતો હોય તો વિના મૂલ્યે સરકારશ્રી પાસેથી માહિતી માગી શકે છે.
- આપુસ્તિકા દ્વારા ખેતી ખાતાને લગતી માહિતી નાગરિકો મેળવી શકે તે અંગેની વિગત આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.
- આ પુસ્તિકા માહિતી મેળવવા ઇચ્છતા ભારતના કોઇપણ નાગરિકને ઉપયોગી નીવડશે.
- આ પુસ્તિકામાં પ્રકરણ ૧ થી ૧૭માં માહિતી પત્રકવાર અને અથવા મુદ્દાવાર આપવામાં આવેલ છે. સદરહુ માહિતી અધ્યતન કરવામાં આવી રહી છે.
- આ અંગે માહિતી આર.ટી.આઇ.એક્ટ ૨૦૦૫ની ગુજરાતી નકલમાં તેમજ આ અંગેના નિયમો દર્શાવવામાં આવેલ છે. તે મુજબ વ્યાખ્યાઓ ધ્યાને લેવાની રહેશે.
- આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ કઇ માહિતી માગી છે તેના આધારે કહી શકાશે. અરજી પત્રકની ફી રૂ.૨૦.૦૦ છે અને એક પાનાદીઠ માહિતીના રૂ.૨.૦૦ તેમજ સીડી અથવા ફ્લોપીમાં માહિતી માટે રૂ. ૫૦.૦૦ ફી પેટે ચૂકવવાના રહેશે. ગરીબી રેખાની નીચે જીવતા નાગરિકે કોઇપણ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી પરંતુ પોતે ગરીબી રેખા હેઠળ જીવે છે તે અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.

# <u>પ્રકરણ-૨ શાખાની વિગતો, કાર્યો અને ફરજો</u>

નેશનલ ફૂડ સિક્યુરીટી મીશન-ઓઇલ સીડ એન્ડ ઓઇલ પામ (□□□□-□□ & □□) તેલીબીયાં યોજના પાક વિભાગની યોજના છે. જેમાં રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતોને તેલીબીયાં પાકના વિવિધ ઘટકોમાં સહાય આપવામાં આવે છે.

- **યોજનાનો મુખ્ય ઉદ્દેશ**

સારી ગુણવત્તાવાળા બિયારણથી તેલીબીયાંના પાકની ખેતીને ઉત્તેજન આપી તેલીબીયાંનું ઉત્પાદન વધારવાનો છે.

- **કાર્યો અને ફરજો :**

  - નેશનલ ફૂડ સિક્યુરીટી મીશન-ઓઇલ સીડ એન્ડ ઓઇલ પામ (□□□□-□□ & □□) તેલીબીયાં યોજનાકેન્દ્ર પુરસ્કૃત પ્લાન યોજનાછે.
  - સંયુક્ત ખેતી નિયામકશ્રી (યાંત્રિક) ગાંધીનગર આ યોજનાની રાજય કક્ષાની તાંત્રિક કામગીરી સંભાળે છે.
  - યોજના અંતર્ગત પ્રી-બજેટ નિયત કરી સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવે છે. મંજુર થયેલ જોગવાઇ મુજબ યોજ્નાકીય કામગીરી માટે ઠરાવ થાય છે.
  - મંજુર થયેલ જોગવાઇ મુજબ જીલ્લાઓને ભૌતિક તથા નાણાકીય લક્ષાંક ફાળવવામાં આવે છે. તથા ઠરાવમાં દર્શાવ્યા મુજબની યોજનાકીય કામગીરી કરવા જીલ્લા ખેતી અધિકારીશ્રીને જણાવવામાં આવે છે.
  - યોજના અંતર્ગત થયેલ ભૌતિક તથા નાણાકીય લક્ષાંકપ્રગતિનું મોનિટરીંગ કરવામાં આવે છે.

# <u>પ્રકરણ-૩ અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો</u>

| અ. નં. | અધિકારી/કર્મચારીનો હોદ્દો | નાણાંકીય સત્તા | વહીવટી સત્તા | અન્ય સત્તા | ફરજો |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત ખેતી નિયામક (યાંત્રીક) | | | | યોજના અમલીકરણ |
| ૨ | નાયબ ખેતી નિયામક (તેલીબિયાં) | | | | |
| ૩. | મદદનીશ ખેતી નિયામક (તેલીબિયાં) | | | | |
| ૪ | ખેતી અધિકારી (તેલીબિયાં) | | | | |

## પ્રકરણ-૪

## કાર્યો કરવા માટેના નિયમો, વિનિમયો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો

(૧) ગુજરાત સિવિલ સર્વીસ રૂલ્સ

(૨) સરકારશ્રીના ઠરાવ

(૩) એસ.ઓ.ફાઇલ

(૪) પરિપત્રો

## પ્રકરણ-૫

## નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ- પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગત

-----------નથી----------

## પ્રકરણ-૬

## જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓઅંગેનુ પત્રક -

-------નથી---------

# પ્રકરણ-૭

## યોજનાના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક

યોજનાના અમલીકરણ માટે રાજય કક્ષાએ □□□□ ની રચના કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

State Level Standing Committee

| | | |
|---|---|---|
| (i) | Principal Secretary (Agriculture) | Chairman |
| (ii) | Principal Secretary (Tribal Development Departmet) | Member |
| (iii) | Principal Secretary (Social Justic & Empowerment Department) | Member |
| (iv) | Principal Chief Conservator of Forest, Gujarat State Gandhinagar | Member |
| (v) | Director of Horticulture, Gujarat State Gandhinagar | Member |
| (vi) | Director of Research, SDAU, S.K.Nagar, Dantiwada | |
| (vii) | Director of Groundnut Research, JAU, Junagadh | |
| (viii) | Managing Diretor, GSSCL, Gujarat State Gandhinagar | Member |
| (ix) | Joint Director Agriculture (Ext) Rajkot | Member |
| (x) | Joint Director Agriculture (Ext) Mehsana | Member |
| (xi) | Director Agriculture&State Mission Director NFSM | Member-Secretary |

The committee shall meet at least once a year.

# પ્રકરણ-૮

## જાહેર માહિતી અધિકારીનું નામ, હોદ્દો અને અન્ય વિગતો

- શ્રી એમ. એસ. પ્રજાપતિ
  નાયબ ખેતી નિયામક (તેલીબીયાં)
  રૂમ નં-૩૧૧,પાકવિભાગ,
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેક્ટર ૧૦-એ,

  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૧૫૫

# પ્રકરણ-૯

## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

૧. નોંધ

૨. મુસદ્દો મંજૂર કરાવવો

3. અમલીકરણ

૪. નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી ખાતાના વડા છે.

નિર્ણય લેવાની સત્તા નીચે મુજબ છે.

ખેતી નિયામક

↑

સંયુક્ત ખેતી નિયામક

↑

નાયબ ખેતી નિયામક

↑

મદદનીશ ખેતી નિયામક

↑

ખેતી અધિકારી

↑

કચેરી અધિક્ષક

↑

સીનીયર કલાર્ક

## પ્રકરણ-૧૦

## અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી ડી.વી. બારોટ | અધિક ખેતી નિયામક (વિ.) ગાંધીનગર |
| ૨. | શ્રી આર.પી.રાજપૂત | સંયુક્ત ખેતી નિયામક (યાંત્રીક) ગાંધીનગર |
| ૩. | શ્રી એમ.એસ.પ્રજાપતિ | ના.ખે.નિ (તેલીબિયાં) |
| ૪ | શ્રી એસ.એ.પટેલ | મદદનીશ ખેતી નિયામક (તેલીબિયાં) |
| ૫. | શ્રી આર.ડી. મહીડા | ખેતી અધિકારી |
| ૬. | શ્રી. આર.કે.પવાર | કચેરી અધિક્ષક |
| ૭. | શ્રી એ.એન. પટેલ | સીનીયર ક્લાર્ક |

## પ્રકરણ-૧૧

## વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારીઓ અને કર્મચારીને મળતુ માસિક મહેનતાણુ

| ક્રમ | અધિકારી અને કર્મચારીનો હોદો | પગાર |
|---|---|---|
| ૧. | અધિક ખેતી નિયામક (વિ.) ગાંધીનગર | ૩૭,૪૦૦- ૬૭,૦૦૦ (૮૯૦૦ ગ્રેડ પે) |
| ૨. | સંયુક્ત ખેતી નિયામક (યાંત્રીક) | ૧૫૬૦૦-૩૯૧૦૦ (૭૬૦૦ ગ્રેડ પે) |
| ૩. | ના.ખે.નિ (તેલીબિયાં) | ૧૫૬૦૦-૩૯૧૦૦ (૬૬૦૦ ગ્રેડ પે) |
| ૪. | મદદનીશ ખેતી નિયામક (તેલીબિયાં) | ૯૩૦૦-૩૪૮૦૦ (૫૪૦૦ ગ્રેડ પે) |
| ૫. | ખેતી અધિકારી | ૯૩૦૦-૩૪૮૦૦ (૪૪૦૦ ગ્રેડ પે) |
| ૬. | શ્રી. આર.કે.પવાર | ૯૩૦૦-૩૪૮૦૦ (૪૪૦૦ ગ્રેડ પે) |
| ૭. | સીનીયર ક્લાર્ક | ૫૨૦૦-૨૦૨૦૦ (૨૪૦૦ ગ્રેડ પે) |

# પ્રકરણ-૧૨

## પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર

| યોજનાનુ નામ : નેશનલ ફૂડ સિક્યુરીટી મીશન- ઓઇલ સીડ એન્ડ ઓઇલ પામ | બજેટ બુકમાં મંજૂરી (૨૦૧૮-૧૯) | | ભારત સરકારશ્રી દ્વારા મંજુર થયેલ એકશન પ્લાન પ્રમાણે જોગવાઇ |
|---|---|---|---|
| NFSM(OS & OP) | પ્લાન રૂ. લાખમાં | નોન પ્લાન રૂ. લાખમાં | ૩૬૬૬.૫૮ લાખ |
| SCSP | ૩૨.૦૦ | ૪૮.૦૦ | |
| TASP | ૪૦.૦૦ | ૬૦.૦૦ | |
| GENERAL | ૧૮૨૬.૪૧ | ૨૦૮૮.૦૦ | |
| Total | ૧૮૯૮.૪૧ | ૨૧૯૬.૦૦ | |

# પ્રકરણ-૧૩

# સહાયકો કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ

પરિશિષ્ટ-૧ :

**NFSM (Oilseeds& Oilpalm) યોજના ની શરતો અને બોલીઓ (સૂચિત)**

(૧) આ યોજનાનો અમલ NFSM (oilseed)તેલીબીયા પાકો માટે રાજયના તમામ જિલ્લાઓમાં અને NFSM ઓઇલ પામ માટે રાજ્યના વલસાડ, નવસારી, સુરત, તાપી, ભરૂચ, નર્મદા, આણંદ, ખેડા, પંચમહાલ, મહીસાગર,વડોદરા અને છોટાઉદેપુર જીલ્લાઓમાં કરવાનો રહેશે.

(૨) આ યોજનાના NFSM ઓઈલસીડના નિયંત્રણ અધિકારી ખેતી નિયામકશ્રીજ્યારે NFSM ઓઈલપામના નિયંત્રણ અધિકારી બાગાયત નિયામકશ્રી રહેશેતથા યોજનાના તમામઘટકોની અમલીકરણ પધ્ધતિ નિયત કરવા ખેતી નિયામકશ્રી/બાગાયત નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવેછેઅને યોજનાનાં અમલીકરણ બાબતમાં કોઇ મુદ્દો ઉપસ્થિત થાય તો તેમનો સંપર્કસાધવાનો રહેશે.આ યોજનાની અમલીકરણ પધ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરિયાત જણાય તો ખેતી નિયામકશ્રી ફેરફાર કરી શકશે.

(૩) NFSM ઓઈલસીડ યોજનાના તમામ ઘટકો માટે જિલ્લા ખેતીવાડી અધિકારી જ્યારે NFSM ઓઈલપામના તમામ ઘટકો માટે અમલીકરણ અધિકારી નાયબ બાગાયત નિયામક રહેશે.

(૪) સબંધિત નોડલએજન્સીને ગ્રાન્ટ ફાળવવા માટે ખેતી નિયામકશ્રીને અધિકૃતકરવામાંઆવે છે.

(૫) લાભાર્થી ખેડૂતે અરજી પત્રક મંજુરી અર્થે સંબંધિત કચેરીમાં રજુ કરશેઅરજી મળેથી કચેરી સંબંધિત ગ્રામ સેવક/ બાગાયત અધિકારી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનું પ્રમાંણપત્ર/દાખલો મેળવીખરાઇ કરવાની રહેશે.

(૬) ચાલુ નાણાકીય વર્ષમાં આ યોજના હેઠળના ઓઈલસીડ પરિશિષ્ટ-૨ (અ)ના કોલમ-૫માં દર્શાવેલ સમયમર્યાદાને ધ્યાને લઇ ખાતાદીઠ લાંબા ગાળાના ફક્ત એક ઘટકને બદલે જે ખેડૂતોએ ઓનલાઈન અરજી કરેલ હોય તથા પાત્રતા ધરાવતા હોય તેવા ખેડૂતોને લક્ષ્યાંકની મર્યાદામાં તમામ ઘટકોમાં મંજુરી આપી શકાશે અને વાર્ષિક સમય મર્યાદાવાળા બે ઘટકની મર્યાદા દૂર કરી લાભ લેવા માંગતા તમામ ઘટકોનો ફાળવેલ લક્ષ્યાંકની મર્યાદામાં લાભ આપી શકાશે.

NFSM - ઓઈલપામ માટે ચાલુ નાણાકીય વર્ષમાં આ યોજના હેઠળના પરિશિષ્ટ-૨ (બ) ના કોલમ-૫માં દર્શાવેલ ઘટકોમાં જે અરજદારે/ ફાર્મર્સ કો-ઓપરેટીવ્સ સોસાયટી/સરકારી સંસ્થાઓ/ખેડૂત સંગઠનો/ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPO )Ikhedut પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરેલ હોય

તથા પાત્રતા ધરાવતા હોય તેવા અરજદારોને લક્ષાંકની મર્યાદામાં ખાતા દીઠ તમામ ઘટકોમાં લાભ આપી શકાશે.

(૭) પરિશિષ્ટ-૨ના કોલમ-૫માં જણાવ્યા અનુસાર એક વાર્ષિક સમયગાળા સિવાયના પ્રત્યેક ઘટક માટે તાલુકા અમલીકરણ અધિકારીએ ગામવાર લાભાર્થીનુ નામ,ખાતા નંબર,સહાયની રકમ,લાભ આપ્યાનું વર્ષ વિગેરે વિગતો ધરાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.તાલુકા અમલીકરણ અધિકારી દ્વારા એટ સોર્સ ઘટકોની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા ખેતીવાડી અધિકારી મારફત ચુકવણાં અર્થે નોડલ એજન્સીને મોકલી આપવાની રહેશે

(૮) આ યોજના હેઠળના ઘટકોના સહાયના ધોરણો આ સાથેના પરિશિષ્ટ -૨ મુજબ રહેશે.

(૯) લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાયની રકમ જમા થાય તેવા ઘટકો માટે અરજીનો નમુનો આ સાથેના પરિશિષ્ટ-૩ મુજબ રહેશે અને તેના અમલ માટેની કાર્યપધ્ધતિ આસાથેના પરિશિષ્ટ-૪ મુજબ રહેશેજયારે એટસોર્સ સહાયવાળાઘટકોમાટેની કાર્યપધ્ધતિ પરિશિષ્ટ-૫ અને પરિશિષ્ટ-૫(અ) તેમજ વ્યક્તિગત લાભાર્થી સિવાયના ઘટકો માટે અમલીકરણની પધ્ધતિ પરિશિષ્ટ-૬ મુજબની રહેશે.

(૧૦)આ યોજના ખેતી નિયામકશ્રીના અંકુશ હેઠળ રહેશે. આ યોજનાના અમલીકરણ બાબતમાં કોઇ મુદ્દો ઉપસ્થિત થાય તો તેમનો સંપર્ક સાધવાનો રહેશે.આ યોજનાની અમલીકરણ પધ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરિયાત જણાય તો ખેતી નિયામકશ્રી જરૂરી ફેરફાર કરી શકશે.

(૧૧)આ યોજના હેઠળનીગ્રાન્ટ ફાળવણી અને નાણાકીય ચુકવણી માટે નોડલ એજન્સી ગુજરાતરાજ્યબીજ નિગમ લી. ગાંધીનગર રહેશે.

(૧૨) અમલીકરણ અધિકારીધ્વારા એટસોર્સ ઘટકોની દરખાસ્તો તૈયાર કરી જિલ્લા ખેતીવાડી અધિકારી મારફત ચુકવણા અર્થે નોડલ એજન્સી ને મોકલી આપવાની રહેશે.

(૧૩) જિલ્લા પંચાયતોએ/ સબંધિત નોડલ એજન્સીએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં ખેતી નિયામકશ્રી, ગાંધીનગર ને સમયસર મોકલવાના રહેશે. તેમજ સબસીડી સહીત થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગતી કામગીરી કરવાની રહેશે.

(૧૪) પરિશિષ્ટ-૪ મુજબની કાર્યપધ્ધતી માટે જીલ્લા અમલીકરણ અધિકારી / સંબધીત નોડલ એજંન્સીએ સહાયની રકમ ECS (Electronic Clearance Service) / RTGS (Real Time Gross Settlement) /DBT (Direct Benefit Transfer)/NEFT (National Electronic Fund Transfer)એકાઉંન્ટ પે ચેકથી લાભાર્થી /સંસ્થાના ખાતામાં જમા કરવાની રહેશે.

(૧૫) નોડલ એજન્સીએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી)ઓઇલસીડમાટે ખેતી નિયામક,ગાંધીનગરને જ્યારે ઓઇલપામમાટે બાગાયત નિયામક,ગાંધીનગરને નિયત નમુનામાં સમયસર મોકલવાના રહેશે.

(૧૬) સ્પ્રીંકલર સેટ ઘટકનું અમલીકરણ GGRC નાસક્ષમઅધિકારી મારફતે કરવાનું રહેશે.

- સ્પ્રીંકલરસેટ માટેની અરજી ખેડૂતે,□ □□□□□□ પોર્ટલના બદલે □□□□ની વેબસાઈટ ઉપર કરવાની રહેશે.
- □□□□ દ્વારા સહાય મંજુર કરી લાભાર્થીના બેંક ખાતામાં □□□/□□□□થી જમા કરાવવાની રહેશે અને થયેલ કામગીરીનો માસિક પ્રગતિ અહેવાલ ખેતીનિયામક/ સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને નિયમિત રજુ કરવાનો રહેશે.
- સ્પ્રીંકલર ઘટકની ગ્રાન્ટ,□□□□ને હવાલે મુકવા ખેતી નિયામાકને અધિકૃત કરવામાં આવે છે. જે માટે □□□□ દ્વારા ગ્રાન્ટ માગણી સમયસર મોકલી આપવાની રહેશે.
- □□□□ દ્વારા જિલ્લાવાર લક્ષ્યાંક મુજબની કામગીરી પુર્ણ કરી વર્ષ અંતે ગ્રાંટ વપરાશના પ્રમાણપત્ર (□□□) ખેતીનિયામકશ્રીને રજુ કરવાના રહેશે.

(૧૭) ઓઇલપામ ની જોગવાઇ મુજબ આવરી લેવાયેલ વિસ્તારના સપ્રમાણસર યુનિટ કોસ્ટ કે ખરેખર થયેલ ખર્ચ પૈકી જે ઓછા હોય તેને સહાયની ચુકવણી માટે ધ્યાને લેવામાં આવશે.

(૧૮) યોજનાના સર્વે ઘટકોનું સુચારૂરૂપે આયોજન અને સમયબધ્ધ અમલીકરણ થાય તે માટે જિલ્લા કક્ષાએ સંયુકત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) ની અધ્યક્ષતામાં નીચે મુજબની જિલ્લા કક્ષાની કમિટી એ જુદાજુદા ઘટકોમાં આપવાની થતી ઇનપુટ સામગ્રી અને તેની ઉપલબ્ધી થાય અને યોજનાનો સમયસર અમલ થાય તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

**જિલ્લા કક્ષાની કમીટી**

| | | |
|---|---|---|
| ૧ | સંયુકત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) | અધ્યક્ષશ્રી |
| ૨ | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૩ | નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) | સભ્યશ્રી |
| ૪ | નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ) | સભ્યશ્રી |
| ૫ | કૃષિ યુનિવર્સિટીના જિલ્લાનાનોડલ કૃષિ વૈજ્ઞાનિકશ્રી | સભ્યશ્રી |
| ૬ | સંબંધિત જિલ્લામાં કાર્યરત નીચેની સંસ્થાઓમાંથી ઓછામાં ઓછા ત્રણ સભ્યો<br>GSSC Ltd, GAIC Ltd, NSC, NAFED,GUJACOMASOL,GUJPRO, GSFC, GNFC, IFFCO, KRIBHCO અને GGRC ના પ્રતિનિધિ | સભ્યશ્રી |

જે તે જિલ્લાની સ્થાનિક પરીસ્થિતી/જરૂરિયાતને ધ્યાને રાખી અધ્યક્ષશ્રી જરૂરીયાત મુજબ વધારાના સભ્યોને આમંત્રિત કરી શકશે.

(૧૯) ઉપરોક્ત કમીટી દવારા લાભાર્થી પસંદ કરવા, નિદર્શનનો પ્રકાર નક્કી કરવા, સંસ્થાની પસંદગી કરવા, ઇનપુટ સામગ્રી નક્કી કરવા વિગેરે બાબતો સુનિશ્ચિત કરવા કમીટીની બેઠક ખરીફ સીઝન માટે જે તે વર્ષની ૧૫ મે પહેલા, રવિ સીઝન માટે ૧૫ સપ્ટેમ્બર પહેલા અને ઉનાળુ સીઝન માટે ૧૫ ડિસેમ્બર પહેલા ફરજીયાત બેઠક બોલાવી કરેલ કાર્યવાહીની જાણ ખેતી નિયામકશ્રી કરવાની રહેશે.

(૨૦) આ યોજનાના એટસોર્સ સહાયના તમામ ઘટકોનું અમલીકરણ ખેતી નિયામકશ્રી/સરકારશ્રીની વખતો વખતની સુચનાઓ અનુસાર કરવાનું રહેશે.

(૨૧)આ યોજનાના ઘટકોમાં વિતરણ કરવાની થતી જે ખેતસામગ્રીનું, જી.એ.આઈ.સી/ જી.એસ.એફ.સી/જી.એન.એફ.સી/ગુજરાત રાજ્ય બીજ નિગમ જેવી સરકારી સંસ્થાઓ અને ઈફકો/ક્રિભકો /ગુજકોમાસોલ જેવી સહકારી સંસ્થાઓ તેમજ રાજયની કૃષિ યુનીવર્સીટીઓ/ નેશનલ સીડ્સ કોર્પોરેશન(એન.એસ.સી)/ જિલ્લા પંચાયત હસ્તકના બિયારણ વૃધ્ધિ કેંદ્રો દ્વારા ઉત્પાદિત સામગ્રીનુ વિતરણ કરી શકાશે તેમજ ખાતા દ્વારા એમપેનલમેન્ટ કરેલ હોય તેવા કિસ્સામાં પેનલમાં સમાવિષ્ટ ઉત્પાદક/ ઉત્પાદક ના અધિકૃત વિક્રેતા પાસેથી પણ લાભાર્થી ખેડૂતે ખેત સામગ્રીની ખરીદી કરવાની રહેશે.

(૨૨) શરત નં. ૨૧ મુજબ જો કોઇ ખેતસામગ્રીની ખરીદી થઇ શકે તેમ ન હોય તેવા સંજોગોમાં શરત નં.- ૧૮ મુજબની કમીટી દ્વારા જરૂરીયાત મુજબ બેઠક બોલાવીને સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ અને નિયમોનુસાર ખરીદી કરી,વિતરક સંસ્થા દ્વારા વિતરણ કરાવવાની રહેશે.

પરિશિષ્ટ-૨ :

**એ.જી.આર. ૬ નેશનલ ફુડ સિક્યોરીટી મિશન –ઓઈલ સીડ & ઓઈલ પામ યોજનાના સહાયના ધોરણો**

**અ. ઓઈલસીડ્સ માટે**

| અ. નં | ઘટકનુંનામ | સહાયનુધોરણ | રિમાર્કસ | પુન: લાભની સમયમર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | બ્રીડર બીજ ખરીદી | બિયારણ ખરીદ કિંમતના ૧૦૦%સહાય. | બીજ ઉત્પાદક સંસ્થાઓ જેવી કે ગુજરાત રાજય બીજ નિગમ/કૃભકો/ગુજકોમાસોલ/▯▯▯ વિ.ને રાજયની કૃષિ યુનિ.ઓ પાસેથી ખરીદી માટે | દર વર્ષે |
| ૨ | ફાઉન્ડેશન બીજ ઉત્પાદન | રૂ.૨૫૦૦/ક્વી. છેલ્લા૧૦ વર્ષમાં સંશોધીત થયેલ જાત માટે | કુલ સહાયના ૭૫% સહાય બીજ ઉત્પાદન કરનાર ખેડૂતને અને ૨૫% સહાય,આ કાર્યક્રમમાં પ્રવૃત બીજઉત્પાદકએજન્સીગુજરાત રાજય બીજ નિગમ/કૃષિ યુનિવર્સીટી/ કૃભકો/ગુજકોમાસોલ/▯▯▯નેમળવાપાત્ર રહેશે. | |
| ૩ | સર્ટી.બીજ ઉત્પાદન | રૂ.૨૫૦૦/ક્વી. છેલ્લા ૧૦ વર્ષમાં સંશોધીત થયેલ જાત માટે | | |
| ૪ | પ્રમાણિત બીજ વિતરણ | • તલ સિવાયના પાકની પ્રમાણિત બીજની કિંમતના ૫૦%અથવા વધુમા વધુરૂ. ૪૦૦૦/-પ્રતિ ક્વી. છેલ્લા ૧૫ વર્ષની સંશોધીત જાત માટે.<br>• સંકર જાત અને તલ પાક માટે કિંમતના ૫૦ %અથવાવધુમા વધુરૂ. ૮૦૦૦/-પ્રતિ ક્વી. છેલ્લા ૧૫ વર્ષની સંશોધીતથયેલ જાત માટે.ખાતા દીઠ વધુમાં વધુ પાંચ હેકટર માટે | ઇનપુટ સામગ્રી રાજ્યનીસરકારી સંસ્થાઓ (ગુરાબિની/ NSCવિ. સંસ્થાઓ) /સહકારી સંસ્થાઓ (ગુજકોમાસોલ/ કૃભકો વિ.) /રાજ્યની કૃષિ યુનિવર્સીટીઓપાસેથી મેળવવાની રહેશે | દર વર્ષે |
| ૫ | મીનીકીટ | ૧૦૦% સહાય દરેક ૨૦ હે.ના વિસ્તારમાં એક પાકની એક જ મીનીકીટ આપી શકાશે. ખાતા દીઠ વધુમાં વધુએક મીનીકીટ. | ભારત સરકારશ્રી દ્વારા નિયત કરેલ એજન્સી દ્વારાબારોબાર પૂરી પાડવામાં આવશે. | દર ત્રણવર્ષે |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | સુક્ષ્મ તત્વો | સુક્ષ્મ તત્વોની કિંમતના ૫૦% અથવા વધુમા વધુ રૂ.૫૦૦/-ખાતા દીઠ વધુમાં વધુ બે હેકટર માટે | ઇનપુટ સામગ્રી રાજ્યનીસરકારી સંસ્થાઓ( ગુજરાત એગ્રો/GSFC/GNFC વિ. સંસ્થાઓ) /સહકારી સંસ્થાઓ (ગુજકોમાસોલ/ કૃભકો/ ઇફ્કો/ જિલ્લા સંઘ/ તાલુકા સંઘ વિ.) રાજ્યની કૃષિ યુનિવર્સીટી/ ખાતા દ્વારા એમપેનલમેન્ટ કરેલ ઉત્પાદક/ઉત્પાદક્ના અધિકૃત વિક્રેતા પાસેથી મેળવવાની રહેશે. | દર વર્ષે |
| ૭ | પાક સંરક્ષણ સાધનો | • પાવર/મશીનથી ચાલતા જંતુનાશક દવા છંટકાવના સાધન(૧૬ લી. કે તેથી ઓછી કેપેસીટી) પર સાધનની કિંમતના ૫૦ % અથવા રૂા. ૩૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે. તથા SC/ST/નાના/સીમાંત/મહિલા/જુથમાટે ૧૦% વધુ રૂ.૩૮૦૦/-ની મર્યાદામાં ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ.<br>• પાવર/મશીનથી ચાલતા જંતુનાશક દવાના છંટકાવના સાધન (૧૬ લી.થી વધુ) પર સાધનની કિંમતના ૪૦ % અથવા રૂા. ૮૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે. તથા SC/ST/નાના/સીમાંત/મહિલા/જુથમાટે ૧૦% વધુ રૂ.૧૦,૦૦૦/-ની મર્યાદામાં ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | ખાતા દ્વારા વખતોવખત જાહેર કરેલ પ્રાઇઝ ડીસ્કવરીના હેતું માટે તૈયાર કરેલ પેનલમાં સમાવિષ્ટ ઉત્પાદકના અધિકૃત વિકેતા પાસેથી લાભાર્થી ખેડૂતેખરીદી કરવાની રહે છે. | ૫ વર્ષમાં એક વખત |
| ૮ | પાક સંરક્ષણ દવા | ખરીદ કિંમતના ૫૦ % અથવા રૂા ૫૦૦/હે.બે માંથી જે ઓછું હોય તે.ખાતા દીઠ વધુમાં વધુ બે હેકટર માટે | ઇનપુટ સામગ્રી રાજ્યનીસરકારી સંસ્થાઓ(ગુજરાત એગ્રો/ GSFC/GNFC વિ. સંસ્થાઓ)/ સહકારી સંસ્થાઓ (ગુજકોમાસોલ/ કૃભકો/ ઇફ્કો/ ગુજપ્રો વિ.) રાજ્યની કૃષિ યુનિવર્સીટી/ ખાતા દ્વારા એમપેનલમેન્ટ કરેલ ઉત્પાદક/ઉત્પાદક્ના અધિકૃત વિક્રેતા | દર વર્ષે |

| | | | | |
|---|---|---|---|---|
| | | | પાસેથી મેળવવાની રહેશે. | |
| ૯ | જીપ્સમ | જીપ્સમ ની ખરીદ કિંમત+વાહતુક ખર્ચના ૫૦ %વધુમા વધુ રૂા ૭૫૦/- પ્રતિ હેક્ટર,ખાતાદીઠ વધુમાં વધુ ૫ હેકટર | ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કં. લિ, વડોદરા તથા આદિત્ય બિરલા,હિન્દાલ્કો લી., ભરૂચના અને તેના અધિકૃત વિકેતા મારફતે વિતરણ કરવાનું રહેશે. | દર વર્ષે |
| ૧૦ | રાઈઝોબીયમ/ PSB/ZSB/માઈકો રાઈઝા/ એઝોટોબેકટર | ખરીદ કિંમતના ૫૦ % અથવા વધુમા વધુ રૂા ૩૦૦/હે. બેમાંથી જે ઓછુ હોય તે ખાતાદીઠ વધુમાં વધુ ૨ હેકટર. | ઇનપુટ સામગ્રી રાજ્યનીસરકારી સંસ્થાઓ(ગુજરાત એગ્રો/ GSFC/GNFC વિ. સંસ્થાઓ)/ સહકારી સંસ્થાઓ (ગુજકોમાસોલ/ કૃભકો/ ઇફકો/ ગુજપ્રો/જિલ્લા સંઘ/ તાલુકા સંઘ વિ.) રાજ્યની કૃષિ યુનિવર્સીટી/ ખાતા દ્વારા એમપેનલમેન્ટ કરેલ ઉત્પાદક/ઉત્પાદક્ના અધિકૃત વિક્રેતા પાસેથી મેળવવાની રહેશે. | દર વર્ષે |
| ૧૧ | સુધારેલ ખેત ઓજાર | પાવરસંચાલીત ઓજાર પરખરીદકિંમતના ૪૦ % અથવા રૂ. ૫૦૦૦૦/- બે માંથી જે ઓછું હોયતે. SC/ST/નાના/સીમાંત/મહિલા માટે ૧૦% વધુ રૂ.૬૩,૦૦૦/-ની મર્યાદામાં ખાતાદીઠ વધુમાં વધુ એક નંગ. | ખાતા દ્વારા વખતોવખત જાહેર કરેલ પ્રાઇઝ ડીસ્કવરીના હેતું માટે તૈયાર કરેલ પેનલમાં સમાવિષ્ટ ઉત્પાદકના અધિકૃત વિકેતા પાસેથી લાભાર્થી ખેડૂતેખરીદી કરવાની રહે છે. | ૫ વર્ષે |
| ૧૨ | સ્પ્રીંકલર સેટ | PMKSY ની ગાઇડલાઇન પ્રમાણે | G.G.R.C. મારફતે અમલ થશે. | ૧૦ વર્ષે |
| ૧૩ | પાઈપલાઈન(પાઇપ્સફોર કેરિંગ વોટર ખુલ્લી/ અંડરગ્રાઉન્ડ પાઇપલાઇન) | ખરીદ કિંમતના ૫૦ % અથવા રૂા. ૧૫૦૦૦/- ની મર્યાદામાં બેમાંથી જે ઓછું હોય તે.(HDPE પાઇપ માટે રૂ.૫૦/મી.,PVC પાઈપ માટે રૂ.૩૫/ મી, તથા HDPEલેમીનેટેડ વુવન લે ફ્લેટપાઇપ માટે રૂ.૨૦/મી.) | ખાતા દ્વારા વખતોવખત જાહેર કરેલ પ્રાઇઝ ડીસ્કવરીના હેતું માટે તૈયાર કરેલ પેનલમાં સમાવિષ્ટ ઉત્પાદકના અધિકૃત વિકેતા પાસેથી લાભાર્થી ખેડૂતેખરીદી કરવાની રહે છે. | ૫ વર્ષમાં એક વખત |
| ૧૪ | બ્લોક નિદર્શન | ઇનપુટ કીટની કિંમતના ૫૦%અથવા નીચે મુજબની કિંમતની મર્યાદા, બે માંથી જે ઓછુ હોય તે<br>૧. મગફળી - રૂ. ૧૦૦૦૦<br>૨.સોયાબીન - રૂ. ૬૦૦૦<br>૩.દિવેલા - રૂ. ૩૦૦૦<br>૪.તલ - રૂ .૩૦૦૦<br>૫.રાઇ - રૂ. ૩૦૦૦<br>ખાતા દીઠ એક નિદર્શન | ઇનપુટ સામગ્રી રાજ્યનીસરકારી સંસ્થાઓ(ગુરાબિની/ ગુજરાત એગ્રો/ NSC/GSFC/GNFC વિ. સંસ્થાઓ) સહકારી સંસ્થાઓ (ગુજકોમાસોલ/ કૃભકો/ ઇફકો/ ગુજપ્રો/જિલ્લા સંઘ/ તાલુકા સંઘ વિ.)/ રાજ્યની કૃષિ યુનિવર્સીટી/ ખાતા દ્વારા એમપેનલમેન્ટ કરેલ ઉત્પાદક/ઉત્પાદક્ના અધિકૃત વિક્રેતા | દર વર્ષે |
| ૧૫ | આઈ.પી.એમ | રૂ.૨૬૭૦૦/- જૈવિક દવા (બાયો એજન્ટ) | | દર વર્ષે |

| | | | | |
|---|---|---|---|---|
| | (એફ. એફ. એસ.) | સાથે | પાસેથી મેળવવાની રહેશે. | |
| ૧૬ | ખેડૂત તાલીમ | કુલ રૂ.૨૪૦૦૦/-એક તાલીમ માટે (રૂ.૪૦૦/પાર્ટીસીપન્ટ/દિન, ૩૦ ખેડુત માટે બે દિવસ) | જિલ્લા ખેતીવાડી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી દ્વારા | દર વર્ષે |
| ૧૭ | ઓફીસર તાલીમ | રૂ.૩૬૦૦૦/તાલીમ (રૂ.૯૦૦/ પાર્ટીસીપન્ટ/દિન, ૨૦ અધિકારી માટે બે દિવસ) | સંયુક્તખેતીનિયામક(વિસ્તરણ)ની કચેરી દ્વારા | દર વર્ષે |
| ૧૯ | ફ્લેક્ષી ફંડ હેઠળના ઘટક | | | |
| | ૧. ઈલેક્ટ્રીક મોટર પંપસેટ | યોજના હેઠળ તમામ ખેડૂતો માટે ૭.૫ હો.પા.સુધીની ખરીદીના ખર્ચના ૫૦% અથવા રૂ. ૧૨,૯૦૦/- બે માંથી ઓછુ હોયતે ખાતા દીઠવધુમાં વધુ એક નંગ | ખાતા ધ્વારા વખતોવખત જાહેર કરેલ પ્રાઇઝ ડીસ્કવરીના હેતું માટે તૈયાર કરેલ પેનલમાં સમાવિષ્ટ ઉત્પાદક ના અધિકૃત વિક્રેતા પાસેથી લાભાર્થી ખેડૂતે ખરીદી કરવાની રહે છે | ૫ વર્ષ |
| | ૨. સબમર્સિબલ પંપ સેટ | યોજના હેઠળ તમામ ખેડૂતો માટે ૧૦ હો.પા. સુધીની ખરીદીના ખર્ચના ૫૦% અથવા રૂ. ૨૫,૦૦૦/- બે માંથી ઓછુ હોય તે ખાતા દીઠવધુમાં વધુ એક નંગ | | ૫ વર્ષ |
| | ૩. ઓઈલ એન્જિન | યોજના હેઠળ તમામ ખેડૂતો માટે ૧૦ હો.પા. સુધીની ખરીદીના ખર્ચના ૫૦% અથવા રૂ. ૧૩,૮૭૫/- બે માંથી ઓછુ હોય તે ખાતા દીઠવધુમાં વધુ એક નંગ | | ૫ વર્ષ |
| | ૪. તાડપત્રી | યોજના હેઠળ તમામ ખેડૂતો માટેતાડપત્રીની ખરીદ કિંમતના ૫૦ % અથવા રૂા ૧,૨૫૦/- બે માંથી જે ઓછું હોય તે. ખાતા દીઠવધુમાં વધુ બે નંગ | | ૩ વર્ષ |
| | ૫..નાના ઓઇલ એક્ષ્ટ્રેક્શનયુનિટ | તમામ ખેડુતો/ FPO/ NGO/ SHG માટે યુનિટની કિંમતના ૫૦% અથવા રૂ. ૨.૫ લાખની મર્યાદામાં બે માથી જે ઓછુ હોય તે | પ્રોજેકટ બેઇઝ | આજીવન એકવાર |
| | ૬. ખેત તળાવ (૨૦મી.x૨૦ મી.x૩મી.) | તમામ ખેડુતો/ FPO/ NGO/ SHG માટે ખર્ચના ૫૦% અથવા રૂ. ૭૫,૦૦૦/- ની મર્યાદામાં બે માથી જે ઓછુ હોય તે | MIDH ની ગાઇડલાઇન મુજબ | આજીવન એકવાર |

**પરિશિષ્ટ-૨ :**

**બ. ઓઈલપામ (NFSM)માટે સહાયના ધોરણો**

| અ. ન. | ઘટકનુનામ | સહાયનુધોરણ | રીમાર્ક્સ | પુનઃ લાભની સમય મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | પ્લાન્ટીંગમટીરીયલ્સ | ખર્ચના ૮૫% મુજબ વધુમાં વધુ રૂ.૧૨,૦૦૦/હે.ની મર્યાદા જમીનના પ્રમાણમાં સંપુર્ણપણે | પ્લાન્ટીંગ મટીરીયલ્સના રોપા ઓઇલપામ યોજના અંતર્ગત કાર્યરત કંપનીઓની નર્સરીઓમાંથી મેળવવાના રહેશે. | દરવર્ષે |
| ૨ | મેઇન્ટેનન્સ ખર્ચ | વાવેતર ખર્ચના ૫૦ ટકા મુજબ પ્રતિ હેકટરે રૂ.૨૦,૦૦૦/- ની મર્યાદામાં પ્રથમ થી ચોથા વર્ષ દરમ્યાન સહાય<br>પ્રથમ વર્ષ- રૂ.૫૦૦૦/-<br>બીજુ વર્ષ - રૂ.૫૦૦૦/-<br>ત્રીજુ વર્ષ - રૂ.૫૦૦૦/-<br>ચોથુ વર્ષ - રૂ.૫૦૦૦/- | -- | વાવેતર હેઠળની જમીનના પ્રમાણમાં સંપુર્ણપણે |
| ૩ | ડ્રીપઈરીગેશન | નેશનલ મિશન ઓન સસ્ટેનેબલ એગ્રીકલ્ચર (એન.એમ એસ.એ) ની ગાઇડ્લાઇન મુજબ એક લાભાર્થીને મહત્તમ ૫ હેકટર સુધીની મર્યાદા | G.G.R.C. મારફતઅમલીકરણ | વાવેતરમુજબ |
| ૪ | ડીઝલ/ ઇલેક્ટ્રીક/ પેટ્રોલપંપસેટ | • મહત્તમ ૧૦ HPસુધીના પંપસેટની કીંમતના ૫૦% કે વધુમાં વધુ રૂ.૧૫૦૦૦/- ની મર્યાદામાં<br>• ઓછામાં ઓછા બે હેક્ટરનું વાવેતર જરૂરી અને વાવેતર કર્યાના બીજા વર્ષે મળવા પાત્ર થશે. | SMAM ગાઇડ લાઇન અનુસાર ખેતીવાડી ખાતા દ્વારા વખતો વખત જાહેર કરેલ પ્રાઇઝ ડીસ્કવરીના હેતુ માટે તૈયાર કરેલ પેનલમાં સમાવિષ્ટ ઉત્પાદકતા અધિકૃત વિક્રેતા પાસેથી લાભાર્થી ખેડુતે ખરીદી કરવાની રહેશે. | ૫વર્ષમાં એકવાર |
| ૫ | બોરવેલ/ ટ્યુબ વેલ/ વોટર હાર્વેસ્ટ સ્ટ્રકચર/ તળાવ | ૧. બોરવેલ ખર્ચના ૫૦% કે વધુમાં વધુ રૂ.૫૦,૦૦૦/- ની મર્યાદા | NMSA ગાઇડલાઇનઅનુસાર | ખાતાદીઠ એકવખત |
| ૬ | ઓઇલપામમાં આંતરપાકમાટે ઇનપુટસ | ખર્ચના૫૦% કે વધુમાં વધુ રૂ.૫૦૦૦/હે. ની મર્યાદામાં (બીયારણ/ ખાતર/ IPM/ ફર્ટીગેશન/ ટ્રીગાર્ડ/ PP કેમીકલ્સ તથા પાક સંરક્ષણ ) | બીજ નિગમ/ગુજરાત એગ્રો. ઇંન્ડસ્ટ્રીઝ લી.ના અધિકૃત ડીલરો પાસેથી મેળવવાનુ રહેશે.. | પ્રથમચાર વર્ષ સુધી વર્ષે એકવાર |

| અ. ન. | ઘટકનુનામ | સહાયનુધોરણ | રીમાર્ક્સ | પુનઃ લાભની સમય મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૭ | વર્મીકંપોસ્ટ યુનીટ | ખર્ચના ૫૦% કે વધુમાં વધુ રૂ.૧૫૦૦૦/-ની મર્યાદામાં | સાઇઝ ૧૫ મીટર લંબાઇ x ૦.૯ મીટર પહોળાઇ x ૦.૨૪ મીટર ઉંડાઇ | ૧૦વર્ષ |
| ૮ | મશીનરી એન્ડટુલ્સ | ૧. હાથથી ચાલતા ઓઇલપામ કટર - ખર્ચના ૫૦% કે વધુમાં વધુ રૂ.૧૫૦૦/-ની મર્યાદામાં<br>૨. પ્રોટેક્ટીવ વાયર મેશ - ખર્ચના ૫૦% કે વધુમાં વધુ રૂ.૧૫૦૦૦/-ની મર્યાદામાં<br>૩. મોટરાઇઝ્ડ ચીઝલ - ખર્ચના ૫૦% કે વધુમાં વધુ રૂ.૧૦૦૦૦/-ની મર્યાદામાં<br>૪. એલ્યુમીનીયમ પોર્ટેબલ લેડર - ખર્ચના ૫૦% કે વધુમાં વધુ રૂ.૩૦૦૦/-ની મર્યાદામાં<br>૫. ચાફ કટર - ખર્ચના ૫૦% કે વધુમાં વધુ રૂ.૭૦૦૦/-ની મર્યાદામાં | ભારત સરકારની ગાઇડ લાઇન અનુસાર | ખાતાદીઠ એકવખત |
| | | ૬. મીની ટ્રેક્ટર ટ્રોલી સાથે (૨૦ HP સુધી)<br>• ખર્ચના ૨૫% કે વધુમાં વધુ રૂ.૭૫૦૦૦/-ની મર્યાદામાં<br>• ત્રણ વર્ષથી ઉપરના ઓછામાં ઓછા ૧ હેક્ટર વાવેતર વિસ્તારને મળવાપાત્ર થશે. | ખેતીવાડી ખાતા દ્વારા વખતો વખત જાહેર કરેલ પ્રાઇઝ ડીસ્કવરીના હેતુ માટે તૈયાર કરેલ પેનલમાં સમાવિષ્ટ ઉત્પાદકતા અધિકૃત વિક્રેતા પાસેથી લાભાર્થી ખેડુતે ખરીદી કરવાની રહેશેતેમજ સહાય અમલીકરણ રાજ્ય પ્લાન યોજના અનુસાર કરવાનું રહેશે. | ૭વર્ષ |
| ૯ | ખેડુત તાલીમ | રૂ.૨૪૦૦૦/તાલીમ (રૂ.૪૦૦/તાલીમાર્થી/દિન) (૩૦ ખેડુત માટે બે દિવસ) | નાયબ બાગાયત નિયામક દ્વારા | દરવર્ષે |
| ૧૦ | ઓફીસર તાલીમ | રૂ. ૩૬૦૦૦/તાલીમ (રૂ.૯૦૦/પાર્ટીસીપંટ/દિન) (૨૦ અધિકારી માટે બે દિવસ) | વિભાગીય સંયુક્ત બાગાયત નિયામક દ્વારા | દરવર્ષે |

સેકશન અધિકારી

કૃષિ અને સહકાર વિભાગ

**પરિશિષ્ટ-૩**

**ભાગ-૧(અરજીનો નમુનો)**

અરજદારનું નામઃ-

ગામઃ-

તારીખઃ-

પ્રતિ, તાલુકા અમલીકરણ અધિકારી,

તાલુકા પંચાયત,________________

વિષયઃ- સહાય યોજનામાં ________________ મેળવવા મંજુરી આપવા બાબત.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર શ્રી ____________________ગામઃ____________તાલુકો-_________ જિલ્લો-___________નો રહેવાસી અને અનુ. જાતી/અનુ. જનજાતી/અન્ય જાતીનો સિમાંત/નાનો/મોટો ખેડૂત છું. હું ખાતા નંબર________________થી(ગામ................,તાલુકો.......................)હે. ________________આર________________જમીન ધરાવું છું અને મારો બારકોડેડ રેશન કાર્ડ નં. ________________, આધાર નં.________________ છે. તેમજ _________________બેંકમાં આધાર સીડેડ ખાતાનંબર _________________ ધરાવું છું. મારો મોબાઇલ નં _________________ છે. મે સમાન હેતું માટે ઘટક માટે આ યોજના કે સરકારશ્રીની કોઇપણ અન્ય યોજના હેઠળ અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય લીધેલ નથી તે અંગેની હું ખાત્રી આપુ છું. હુ મારો આધાર નંબર જાહેર કરવા સમતી આપુ છુ. તો ઉપરોકત વિગતવાળા ઘટકની ખરીદ કરવાની મંજુરી આપવા નમ્ર વિનંતિ છે

ખેડૂતની સહી/અંગુઠો _______________

સામેલ:

(૧) અનુ જાતિ/અનું જનજાતિનું પ્રમાણપત્ર(લાગુ પડતું હોય તો.)

(૨) ikhedutPortal સિવાય અરજી કરેલ હોય તો ૮-અ ની નકલ

(૩) બેંક પાસબુકની નકલઅને રદ કરેલ ચેક, આધાર કાર્ડ નકલ

**ભાગ-૨(ગ્રામસેવક/ બાગાયત અધિકારીનું પ્રમાણપત્ર)**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી____________________________________ ગામઃ____________ તાલુકો-_________ જિલ્લો-___________ના સિમાંત/નાનો/મોટો ખેડૂત ખાતેદાર છે તેમના ખાતા નંબરથી____________ હે. આર. જમીન ધરાવે છે. તેમને એજીઆર (૬) યોજનામાં સહાયથી મેળવવા____________ ઘટક માટે પાત્રતા ધરાવે છે/ધરાવતા નથી

સ્થળઃ-

તાઃ / /

ગ્રામસેવક (ઓઈલસીડમાટે) /

બાગાયત અધિકારી(ઓઈલપામ માટે)

તાલુકો_________જિ. _______

## ભાગ-3 (મંજુરી નો હુકમ) (ઓફીસ કોપી)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ________________________________ ગામઃ____________તાલુકો-_________ જિલ્લો-___________ એજીઆર (૬) ઓઈલસીડ/ઓઈલપામ યોજનામાં ________ ઘટક સહાયથી ખરીદવાની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ નિયમોનુંસાર યોજનાકીય સહાય ઘટકમાટે મંજુર/નામંજુર કરવા હુકમ કરવામાં આવે છે

સ્થળઃ-

તાઃ / /

સક્ષમ અધિકારી એટીવીટી અધિકારી/જિ.ખે.અ.(ઓઈલસીડમાટે)
નાયબ બાગાયત નિયામક(ઓઈલપામ માટે)
તાલુકો_________જિ. ______

## ભાગ-૪મળેલ ઇનપુટ/સાધનની વિગત

| ઇનપુટની વિગત | જથ્થો | બીલ નંબર અને તારીખ | સામગ્રી જ્યાંથી મેળવેલ છે તે સંસ્થાની વિગત |
|---|---|---|---|
| | | | |
| | | | |

રૂબરૂ

વિસ્તરણ અધિકારી/ગ્રામસેવક/ બાગાયત અધિકારી ___________સેજો

તાલુકો-____________જિલ્લો-___________ ખેડૂતની સહી/અંગુઠો

## ભાગ-૫(યોજના હેઠળની સહાયની રકમ ચુકવવા માટેનો આદેશ/હુંકમ)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ________________________________ ગામઃ____________તાલુકો-_________ જિલ્લો-___________ એજીઆર (૬)યોજનામાં ________ ઘટક સહાયથી ખરીદવાની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ નિયમોનુંસાર યોજનાકીય સહાય રૂ. _________અંકે રૂપીયા___________________મંજુર કરવામાં આવે છે. આ લાભાર્થી/વિતરક સંસ્થાનાં............................................... બેંકમાં એકાઉન્ટ નંબર.......................................... માં નોડલ એજન્સીએ સદર હું રકમ જમા કરાવવાની રહેશે.

સ્થળઃ-

તાઃ / / તાલુકા અમલીકરણ અધિકારી / જિ.ખે.અ.(ઓઈલસીડમાટે)
બાગાયત અધિકારી/મ.બા.નિ. / ના.બા.નિ.(ઓઈલપામ માટે)
તાલુકો_________જિ. ______

## પરિશિષ્ટ-૪

(અ)વ્યકિતગત લાભાર્થી લક્ષી અને લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાય ચુકવવાના ઘટકો અમલીકરણ માટે ની કાર્યપધ્ધતિ

- આ કાર્યપધ્ધતિ હેઠળ આવરી લેવાયેલ ઘટકો
  1. ઓઈલસીડ્સ માટે પાઇપલાઇન (અંડરગ્રાઉન્ડ), પંપસેટ, પાવર ઓપરેટેડ સુધારેલ ખેત ઓજારવગેરે
  2. ઓઈલપામ માટે મેઇન્ટેનન્સ ખર્ચ, ડિઝલ/ઇલેક્ટ્રીકલ/પેટ્રોલ પંપસેટ, બોરવેલ/ટ્યુબવેલ/વોટરહાર્વેસ્ટ સ્ટ્રકચર /તળાવ, વર્મી કંપોસ્ટયુનીટ, મશીનરી એંન્ડ ટુલ્સ

(૧) અરજીઓ મેળવવાની પધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૧)

(ક) ikhedut પોર્ટલ ઉપર રજીસ્ટર્ડ થયેલા ખેડૂતો એ પોતાની બાયોમેટ્રીક ઓળખના આધારે કે તે સિવાય ઓનલાઇન અરજીઓ કરી, પ્રીન્ટઆઉટ મેળવી , સહી અંગુઠો કરી (અનુસુચિત જાતી/ જનજાતિના અરજદારે જાતીના દાખલા સહ) સબંધિત કચેરી ખાતે રજુ કરવાની રહેશે

(ખ) અન્યથા અરજદારે નિયત નમુનામાં સબંધિત કચેરી ખાતે અરજી(અનુસુચિત જાતી / જનજાનીના અરજદારે જાતીના દાખલા સહ) રજુ કરવાની થશે, કચેરીના અધિકૃત કર્મચારી/અધિકારીએ તા. ૨૦.૨.૨૦૧૪ના જી.આર. ક્રમાંકઃપરચ-૧૦૨૦૧૪-૩૪-ક-૫ મુજબ સત્વરેikhedut પોર્ટલમાં પોતાના login account માંથી ઓનલાઇન નોંધણી કરવાની રહેશે

(૨) અરજીઓની ચકાસણી અંગેની કાર્ય પધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૨)

સબંધિત કચેરીના જવાબદાર કર્મચારી/અધિકારીએ પ્રિન્ટ થયેલી ઓનલાઇન કે રૂબરૂમાં મળેલ અરજીઓની યોજનાની જોગવાઇઓ અનુસાર ચકાસણી કરી દરેક અરજીપત્રક ની પાત્રતા / બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને તદનુસાર ikhedutપોર્ટલમાં પોતાના લોગઇન એકાઉન્ટમાં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

(૩) અરજીઓની મંજુરીઅંગેની કાર્યપધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૩)

નિયત સમય મર્યાદામાં મળેલ કુલ પાત્રતા ધરાવતી અરજીઓની સંખ્યા યોજના હેઠળ જે તે ઘટકના જિલ્લા/ તાલુકા પ્રમાણે લક્ષાંક કરતા ઓછી હોય તો લક્ષાંકની મર્યાદામાં પાત્રતા ધરાવતી અરજીઓ અંગે નિર્ણય લઇ કૃષિ અને સહકારવિભાગના પરિપત્ર ક્રમાંકઃકઅસ/૧૦૧૦/૧૮૮૭/ક.૫ તા. ૧૮/૧૦/૨૦૧૧ માં સુચવવામાં આવેલ પધ્ધતિ અનુસાર કરવાનો રહેશે અન્યથા કુલ પાત્રતા ધરાવતી અરજીઓ પૈકી ઓનલાઇન થયાની તારીખ મુજબનો તાલુકાવાર અગ્રતાક્રમ ધરાવતી

અરજીઓના લક્ષાંકની મર્યાદામાં લાભાર્થી સીલેક્ટ કરી, ઉપરોક્ત તા-૧૮-૧૦-૨૦૧૧ ના પરિપત્રમાં સુચવેલ પધ્ધતિ અનુસાર સક્ષમ અધિકારીએ મંજુર કરવાની રહેશે.મંજૂરી પત્ર સાથે નિયંત્રણ અધિકારીએ તૈયાર કરેલ માર્ગદર્શિકા આપવાની રહેશે. ત્યારબાદ ikhedutપોર્ટલમાં મંજુર કરનાર અધિકારી/કર્મચારીના લોગઇન એકાઉન્ટમાં અરજી મંજુર કર્યાની ઓનલાઇન નોંધણી કરવાની રહેશે

(૪)મંજુર થયેલ કેસોની સબંધિત અરજદારોને જાણકારી આપવા અને ઇનપુટ સાધન સામગ્રીની ચકાસણી કરવા બાબત (અરજી પત્રકના ભાગ-૪)

યોજના હેઠળના ઘટક માટે મંજુર કરાયેલ અરજીઓની સબંધિત અરજદારોને તેઓના સરનામે લેખીત/ એસએમએસ(SMS)/ઇ-મેઇલ થી જાણ કરવાની રહેશે. જે ઘટકો માટે રાજય સરકારે ઉત્પાદકો/ વેન્ડરને એમ્પેનલ કરેલ છે તેમા લાભાર્થીએ તેઓની પસંદગી અનુસાર ઘટકના મોડલની એમ્પેનલ મેન્યુફેકચરર / વેન્ડરના ઓથોરાઈઝડ ડીલર પાસેથી ખરીદી કરી તે અંગેના જરુરી આધાર પુરાવા કચેરીના અધિકૃત અધિકારી /કર્મચારી સમક્ષ ચકાસણી/ખાત્રી અર્થે નિયત સમયમર્યાદામાં રજુ કરવાના રહેશે. ત્યારબાદ સત્વરેજવાબદાર અધિકારીએ ikhedutપોર્ટલ ઉપર પોતાના લોગઇન એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીના સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે

(૫) ઘટક ખરીદી માટે સહાયની ચુકવણીની કાર્યપધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૫)

યોજના હેઠળના ઘટક દીઠ મંજુર થયેલા તેમજ નિયમોનુંસાર ઘટકની ચીજ વસ્તુની ખરીદી બાદ સબંધીત અરજદારની અરજી પત્રકના ભાગ-૫ માં મંજુરી આપી સક્ષમ અધિકારી એ ikhedutપોર્ટલ ઉપર પોતાના login એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીના સ્ટેટસ અપડેટની એન્ટ્રી કરવાની રહેશે. સહાય ચુકવવાની પાત્રતા ધરાવતા કેસોની યાદીના ikhedutપોર્ટલ થકી પ્રિન્ટ આઉટ મેળવી અધિકૃત અધિકારીએ સહી/સીકકા કરી જયાં લાગુપડતા હોય ત્યાં જિલ્લા કક્ષાના અધિકારી મારફતે સબંધિત નોડલ એજન્સીને મોકલવાના રહેશે કે જેથી નોડલ એજન્સી જે તે અરજદારના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ઓનલાઇન ચુકવણી કરી શકે.

## પરિશિષ્ટ-૫

(બ) વ્યકિતગત લાભાર્થી લક્ષી- એટસોર્સ સહાય હેઠળના ઘટકો માટે

૧.ઓઈલસીડ્સ માટે સરકારી સંસ્થાઓ(ગુરાબિની/ગુજરાત એગ્રો/NSC/GSFC/GNFC વિ. સંસ્થાઓ) સહકારી સંસ્થાઓ (ગુજકોમાસોલ/કૃભકો/ઇફ્કો/ગુજપ્રો/જિલ્લા સંઘ/તાલુકા સંઘ વિ.)/રાજ્યની કૃષિ યુનિવર્સીટી/હીંદાલ્કો/ખાતા દ્વારા એમપેનલમેન્ટ કરેલ ઉત્પાદક/ઉત્પાદક્ના અધિકૃત વિક્રેતા પાસેથી મેળવવાના થતા ઘટકો જેમ કે બિયારણ/ ગૌણ અને સુક્ષ્મ તત્વો/ઇનપુટ કીટસ/પાક સંરક્ષણ દવા/જીપ્સમ/જૈવિક ખાતર વિગેરે

૨. ઓઈલપામઅંતર્ગત પ્લાન્ટીંગ મટીરીયલ્સ ઓઇલપામ યોજના અંતર્ગત અધિકૃત કરેલ કંપનીઓની નર્સરીઓમાંથી સહાયીત દરે મેળવવાનું રહેશે તથા કંપનીઓ દ્વારા દરખાસ્ત રજૂ કર્યાથી પ્લાન્ટીંગ મટીરીયલ્સના સહાયના નાણાં કંપનીઓને ચૂકવવાના રહેશે. જ્યારે ઓઈલપામમાં આંતરપાક માટે ઈનપુટ જેવા કેબિયારણ/ખાતર/IPM/ફર્ટીગેશન/ટ્રી-ગાર્ડ/PPકેમીકલ/પાક સંરક્ષણ વિગેરેની બીજ નિગમ/ગુજ. એગ્રો ઇન્ડસ્ટ્રીઝ લી. ના અધિકૃત ડીલરો પાસેથી મેળવવાના રહેશે. સદર ઈનપુટ પૈકી ૭૫% ઈનપુટ્સનો ખર્ચ બિયારણ અને ખાતર માટે અને ૫૦% ઈનપુટનો ખર્ચ IPM/ફર્ટીગેશન/ટ્રી-ગાર્ડ/PPકેમીકલ/પાક સંરક્ષણ વિગેરે માટે કરવાનો રહેશે.

(૧) પૂર્વ મંજુરી મેળવી ઘટકના લાભ મેળવવાની કાર્યપધ્ધતિ

(ક) ikhedutપોર્ટલ ઉપર રજીસ્ટર્ડ થયેલા ખેડૂતોએ પોતાની બાયોમેટીક ઓળખ આધારે કે તે સિવાય ઓનલાઇન અરજી કરી ઉપરોકત સંસ્થાના પસંદગીના અધિકૃત વિકેતાના નામે ઓનલાઇન મંજુરીપત્ર પ્રિન્ટ કરાવવાનું રહેશે

(ખ) અન્યથા અરજદારે નિયત નમુનામાં સબંધિત કચેરી ખાતે અરજી રજુ કરવાની રહેશે. કચેરીના અધિકૃત અધિકારી/કર્મચારીએ તા.૨૦.૨.૨૦૧૪ના જી.આર. કમાંકઃપરચ-૧૦૨૦૧૪-૩૪-ક-૫ મુજબ સત્વરેikhedut પોર્ટલ એકાઉન્ટમાં પોતાના લોગઇન એકાઉન્ટમાં અરજીની ઓનલાઇન નોંધણી કરવાની રહેશે અને અરજદારની પસંદગીની ઉપરોકત સંસ્થાના અધિકૃત ડીલરના નામની પ્રિન્ટ આઉટ કાઢી અરજદારને મોકલી આપવાની રહેશે

(ગ) એટ સોર્સ સહાય હેઠળના ઘટકો ખરીદવાની પધ્ધતિ

અરજદારે નિયત સમયમર્યાદામાં ડીલરના નામે મંજુરી પત્ર કઢાવેલ છે તે મંજુરીપત્રની એક નકલ રજુ કરી રાહતદર મુજબ ઇનપુટ/સાધન સામગ્રી ખરીદી શકશે.બિજનિગમ/NSCગુજ.એગ્રો./GSFC/GNFC/IFFCO/GUJPRO/હીંદાલ્કો/ગુજકોમાસોલ/કૃભકો વિગેરે સંસ્થાના અધિકૃત ડીલરે ikhedutપોર્ટલમાં તેઓના લોગઇન એકાઉન્ટમાં મંજુરીપત્ર નંબર, બીલ નંબર, તારીખ વિગેરેની સત્વરેઓનલાઇન નોંધણી કરવાની રહેશે.

(૨) પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય ઘટકના લાભ મેળવનાર લાભાર્થીઓ માટેની કાર્યપધ્ધતિ

જો કોઇ પાત્રતા ધરાવતા લાભાર્થીએ ઉપર જણાવેલ રીતે મંજુરી પત્રક વગરની ઘટક પ્રમાણેની ચીજ વસ્તુઓ મેળવવા ઉપરોકત સંસ્થાના અધિકૃત ડીલરનો સંપર્ક કર્યો હશે ત્યારે તે ડીલર/વિક્રેતાએ જિલ્લા/તાલુકા કક્ષાના સક્ષમ અધિકારીએ સંબંધિત ઘટક માટે ફાળવેલ લક્ષ્યાંકની મર્યાદામાંએટસોર્સ સહાયહેઠળના ઘટકોનું વેચાણ કરી શકશે ત્યારબાદ ડીલરે એટસોર્સ સહાયહેઠળના ઘટકોનું પાત્રતા ધરાવતા લાભાર્થીઓ પાસેથી કબુલાતનામુ મેળવવાનુ રહેશે અને વિતરણ/વેચાણ કર્યા બાદ તરત

ikhedut પોર્ટલમાં પોતાના login એકાઉન્ટ લાભાર્થીની વિગતો બીલનંબર, તારીખ, વસ્તુ વિ. ની ઓન લાઇન એન્ટ્રી કરવાની રહેશે.

(૩) બિજ નિગમ /ગુજ.એગ્રો./GSFC/GNFC/IFFCO/GUJPRO/હીંદાલ્કો/ ગુજકોમાસોલ /કૃભકો /NSCના જે અધિકૃત વિકેતાઓએ એટસોર્સ સહાયવાળા ઘટકોનું વેચાણ કરેલ છે તેઓ ikhedut પોર્ટલમાં પોતપોતાના login એકાઉન્ટ થકી પ્રિન્ટ આઉટ કાઢી સબંધિત કચેરી ખાતે રજુ કરવાની રહેશે. સક્ષમ અધિકારીએ લાભાર્થીઓના સહાયના કલેઈમ મળેલ છે તે અંગે યોગ્ય ચકાસણી કરી પ્રમાણપત્ર આપી સહી સિકકા સાથે ચુકવણા માટે સબંધિત નોડલ એજન્સીને મોકલવાના રહેશે.

(૪) કબૂલાતનામું

અમો શ્રી........................................................................................................ ગામ..........................તા...............................જિ...............................................ના અનુસૂચિત જાતિ /અનુસૂચિત જનજાતિ/ અન્ય જાતિના સીમાંત/નાના/મોટા/સ્ત્રી/પુરુષ ખેડૂત છીએ અને ૮-અ પ્રમાણે ખાતા નં............................ગામ...................તાલુકા...................માં હેકટર જમીન ધરાવીએ છીએ. વર્ષ-૨૦૧૮-૧૯માં એટસોર્સ સહાયના ઘટક.........................માં કે આ અગાઉ અન્ય કોઇ ડીલર કે આપની પાસેથીસહાયમેળવેલ નથી તેની કબુલાત આપુ છુ. જો અમારા દ્વારા નીતિ નિયમો કરતાં વધારે જથ્થો મેળવવામાં આવેલ હશે તો તેની થતી સહાયનીરકમ ભરપાઇ કરવા અમે બંધાયેલ છીએ. હું.................................................. બેંકની ............................ શાખામાં ખાતા નંબર................................................. ધરાઉ છું. જે મારા આધાર નંબર.................................................... સાથે આધાર સીડેડ છે.

તા............................... ખેડૂતની સહી

સ્થળ-

સામેલ: ૧. ૮-અ ની નકલ

૨. આધારકાર્ડની નકલ

3. બેન્ક પાસબુકની નકલ અને રદ કરેલ ચેક

<u>પરિશિષ્ટ– ૫-અ</u>

**(અ) <u>વ્યકિતગત લાભાર્થી લક્ષી- એટસોર્સ સહાય હેઠળના ઘટકોના અમલીકરણ માટેની કાર્યપધ્ધતિ</u>**

- આ કાર્યપધ્ધતિ હેઠળ આવરી લેવાયેલ ઘટકો:

  પાક સંરક્ષણસાધનો, તાડપત્રી, ખુલ્લી પાઇપલાઇન

**(૧) અરજીઓ મેળવવાની પધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૧)**

(ક) **i-khedut**પોર્ટલ ઉપર રજીસ્ટર્ડ થયેલા ખેડૂતો એ પોતાની બાયોમેટ્રીક ઓળખના આધારે કરેલ ઓનલાઇન અરજીની પ્રીન્ટઆઉટ મેળવી તેની ઉપર તેમની સહી/અંગુઠો કરી (અનુસુચિત જન જાતિના દાખલા સહ) સબંધિત કચેરી ખાતે રજુ કરવાની રહેશે

(ખ) અન્યથા અરજદારે નિયત નમુનામાં સબંધિત કચેરી ખાતે અરજી (અનુસુચિત જન જાતિના દાખલા તથા અન્ય આધાર પુરાવા સહ) રજુ કરવાની થશે. કચેરીના અધિકૃત કર્મચારી/અધિકારીએ તા. ૨૦.૨.૨૦૧૪ ના જી.આર. ક્માંકઃપરચ-૧૦૨૦૧૪-૩૪-ક-૫ મુજબ **i-khedutPortal માં** પોતાના login account માંથી ઓનલાઇન નોંધણી કરવાની રહેશે.

**<u>(૨) અરજીઓની ચકાસણી અંગેની કાર્ય પધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૨)</u>**

સબંધિત કચેરીના જવાબદાર કર્મચારી/અધિકારીએ પ્રિન્ટ થયેલી ઓનલાઇન કે રૂબરૂમાં મળેલ અરજીઓની યોજનાની જોગવાઇઓ અનુસાર ચકાસણી કરી દરેક અરજીપત્રકની પાત્રતા / બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને તદનુસાર **i-khedut**પોર્ટલમાં પોતાના લોગઇન એકાઉન્ટમાં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**<u>(3) અરજીઓની મંજુરીઅંગેની કાર્યપધ્ધતિ (અરજી પત્રકના ભાગ-3)</u>**

લક્ષ્યાંકની મર્યાદામાં કુલ પાત્રતા ધરાવતી અરજીઓ પૈકી ઓનલાઇન થયાની તારીખ મુજબનો અગ્રતાક્રમ ધરાવતી કૃષિ અને સહકાર વિભાગના તા. ૧૮/૧૦/૨૦૧૧ના પરિપત્ર ક્માંકઃકઅસ/૧૦૧૦/૧૮૮૭/ક.૫ માં સુચવેલ પધ્ધતિ અનુસાર/ ખેતી નિયામકશ્રીની સુચનાનુસાર સક્ષમ અધિકારીએ મંજુર કરવાની રહેશે અને ત્યારબાદ i-khedutપોર્ટલમાં મંજુર કરનાર અધિકારી/કર્મચારીના લોગઇન એકાઉન્ટમાં અરજી મંજુર કર્યાની ઓનલાઇન નોંધણી કરવાની રહેશે.

**<u>(૪) મંજુર થયેલ કેસોની સબંધિત અરજદારોને જાણકારી આપવા અને ઇનપુટ સાધન સામગ્રીનીચકાસણી કરવા બાબત (અરજી પત્રકના ભાગ-૪)</u>**

યોજના હેઠળના ઘટક માટે મંજુર કરાયેલ અરજીઓની સબંધિત અરજદારોને તેઓના સરનામે લેખિત ઉપરાંત જ્યાં શક્ય હોય ત્યાં એસએમએસ(□□□) થી પણ જાણ કરવાની રહેશે. જે ઘટકો માટે રાજય સરકારે ઉત્પાદકો/ વેન્ડરને એમ્પેનલ કરેલ છે તે કિસ્સામાં લાભાર્થીએ તેઓની પસંદગી અનુસાર ઘટકના મોડલની એમ્પેનલ મેન્યુફેક્ચરર / વેન્ડરની ખરીદી નિયત થયેલ સંસ્થા પાસેથીએટસોર્સ સહાય કાપીનેલાભાર્થી ફાળો આપીને ખરીદી કરવાની રહેશે. અને તે અંગેના જરુરી આધાર પુરાવા સહીત દરખાસ્ત સબંધિત કચેરીના અધિકૃત અધિકારી /કર્મચારી સમક્ષ ચકાસણી/ખાત્રી અર્થે નીયત સમયમર્યાદામાં સબધિત વિતરક સંસ્થાઓએ રજુ કરવાના રહેશે. **આ માટે કચેરીના જવાબદાર અધિકારી**

**ગામડામાં કેમ્પ ગોઠવી ચકાસણી/ખાત્રીની કાર્યવાહી હાથ ધરશે.**ત્યારબાદ દિવસ-૨ માં જવાબદાર અધિકારીએ **i-khedut**પોર્ટલ ઉપર પોતાના લોગઇન એકાઉન્ટમાં  યોજનાના લાભાર્થીનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(૫) ઘટક ખરીદી માટે સહાયની ચુકવણીની કાર્યપધ્ધતિ (અરજી પત્રકના ભાગ-૫)**

યોજના હેઠળના ઘટક દીઠ ઉપરમુજબની ખરીદી માટે મંજુરીપત્ર મળેલ હોય તેવા અરજદારો / લાભાર્થીઓ નિયમોનુસાર મંજૂર થયેલ ઘટકની ચીજ વસ્તુની ખરીદીના સમયે એટસોર્સ તરીકે તેની વેચાણ કિંમતમાંથી સહાયની રકમ બાદ કરી જે રકમ બચે તેટલી કિંમતમાં (લાભાર્થી ફાળો)  ભરીને જે તે વિક્રેતા / ડીલર / સંસ્થા પાસેથી એસેટ મેળવવાની રહેશે. વિક્રેતા / ડીલર / સંસ્થાઓએ પણ વેચાણ કિંમતમાંથી સહાયની રકમ બાદ કરી મંજૂર થયેલ ઘટકની ચીજ વસ્તુ લાભાર્થીને વેચાણથી આપવાની રહેશે. સહાય અંગેની નોધ તેમજ લાભાર્થી ખેડૂત ની સહી / અંગૂઠાની નિશાની અસલ બીલ માં દર્શાવવા ની રહેશે . ત્યારબાદ વિક્રેતા / ડીલર / સંસ્થા ઉપરોક્ત તમામ અરજીઓ તેની સંબંધિત તાલુકા અમલીકરણ અધિકારી સમક્ષ ચૂકવાણા દરખાસ્ત રજૂ કરશે. તાલુકા અમલીકરણ અધિકારી દરખાસ્ત મળ્યેથી સદર લાભાર્થીઓમાંથી નિયમ મુજબ વેરીફીકેશના કરી / કરાવી સદર દરખાસ્તનું ચૂકવણું કરી શકશે. સક્ષમ અધિકારી એ **ikhedut**પોર્ટલ ઉપર પોતાના login એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીના સ્ટેટસ અપડેટ ની એન્ટ્રી કરવાની રહેશે. સહાય ચુકવવાની પાત્રતા ધરાવતા કેસોની યાદી **ikhedut**પોર્ટલ થકી પ્રિન્ટ આઉટ મેળવી અધિકૃત અધિકારીએ સહી/સીકકા કરી જયાં લાગુ પડતા હોય ત્યાં જિલ્લા કક્ષાના અધિકારી મારફતે સબંધિત જિલ્લા/તાલુકા પંચાયત/ નોડલ એજન્સીને મોકલવાનો રહેશે કે જેથી વિક્રેતા / ડીલર / સંસ્થાના બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ECS (Electronic Clearance)/ RTGS (Real Time Gross Settlement) /થી વિક્રેતા / ડીલર / સંસ્થાના ખાતામાં ચુકવણી કરી શકે.

| અ.ન | કાર્યપદ્ધતી | રીમાર્ક્સ |
|---|---|---|
| ૧ | ભાગ-૧ (અરજીનો નમુનો), | પરિશિષ્ટ-૩મુજબ |
| ૨ | ભાગ-૨ (ગ્રામસેવકનું પ્રમાણપત્ર) | |
| ૩ | ભાગ-૩ (મંજુરી નો હુકમ )(ઓફીસ કોપી) | |
| ૪ | ભાગ-૪ (મળેલ ઇનપુટ/સાધનની વિગત) | |

**ભાગ-૫-અ**

**(યોજના હેઠળની સહાયની રકમ ચુકવવા માટેનો આદેશ/હુંકમ)**

આથી આદેશ કરવામાં આવે છે કે શ્રી ________________________________ગામઃ____________તાલુકો-_________ જિલ્લો- ___________એજીઆર-૬ યોજનામાં _______ ઘટક સહાયથી ખરીદવાની માગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ નિયમોનુસાર યોજનાકીય સહાય રૂ. _________ અંકે રૂપીયા ___________________મંજુર કરવામાં આવે છે. આ રકમ બીલ ન.................... મુજબ **એટસોર્સ સહાય મુજબ** વિક્રેતા / ડીલર / સંસ્થા........................................................... ને ચૂકવવાની થાય છે.જે બેન્ક ..........................................., બ્રાન્ચ ..............................□□□□□□□□................................. એકાઉન્ટ નંબર........................................... ,માં જમા કરાવવાની રહેશે. અને તેની જાણ અત્રેની કચેરીને કરવા વીનંતી છે.

**સ્થળઃ-**

**તાઃ / /**

તાલુકા અમલીકરણ અધિકારી/જિ.ખે. અ
તાલુકો_________જિ. ______

(ક) વ્યકિતગત લાભાર્થી સિવાયના ઘટકો માટે અમલીકરણ માટેની કાર્યપધ્ધતિ

આ કાર્યપધ્ધતિ નીચે આવરી લેવાયેલ ઘટકો

૧. ઓઈલસીડ્સમાટે બ્લોક નિદર્શન, એફ.એફ.એસ.તાલીમ શાળા, ખેડૂત તાલીમ, પ્રદર્શન/ખેડૂત શીબીરો, મીની કીટસ, વિગેરે

૨. ઓઈલપામ માટેક્ષેત્રીય ખેડૂત પ્રવાસ.

ઉપરોકત ઘટકોની અમલવારી કર્યાબાદ સક્ષમ સત્તાધિકારીએ ikhedut પોર્ટલમાં પોતાના લોગઇન એકાઉન્ટ થકી કરેલ કામગીરીની ઓનલાઇન નોંધણી કરવાની રહેશે. ત્યારબાદ ઉપરોકત કામગીરીના ઓફીસ ઓર્ડર કરી પ્રિન્ટ આઉટ કઢાવી પ્રમાણપત્ર સહ ચુકવણી માટે સબંધિત નોડલ એજન્સીને મોકલવાનું રહેશે

****************************************************************************

## પ્રકરણ-૧૪

## આવેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો

---માહિતી શુન્ય છે.---

## પ્રકરણ-૧૫

## કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો

-----------નથી----------

## પ્રકરણ-૧૬ વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતી

## યોજનાનીમાહીતીખાતાની વેબસાઇટ ઉપર મુકવામાં આવી રહી છે.

## પ્રકરણ-૧૭

## માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

૧. નોટીસ બોર્ડ

૨. પ્રો-એક્ટીવ ડીસ્કલોઝર